

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*રીક્ષા-લોનવાળા ને જપ્તી નોટિસ મળી જાય છે,*
*માલ્યા જેવા મગરમચ્છો બેન્કને ગળી જાય છે,*
*ફળી જાય મૈત્રી-મિલીભગત બેન્ક-નેતાઓની,*
*હડહડતા અન્યાય જોઈ હૃદય બળી જાય છે..*

### હાઈકુ

*તરસ લાગી?!*
*લ્યો! પાણીને બદલે -*
*પીઓ 'વિકાસ'!!*
*(મેટ્રો-બૂલેટ-ટ્રેનો...*

*તરફડે સૌ*
*પશુ, પંખી ને પ્રજા -*
*પાણી અભાવે...*
*(તળાવ-ડેમ સૂકાયાં -*
*સત્તા લીલીછમ)*

### ચિંતન

**દહ્યનતે ધ્યાયનામાનામ્ ધાતૂનાં હિ યથા મલાઃ ।**
**તથેન્દ્રિયાણામ્ દહ્યન્તે દોષાઃ પ્રાણસ્ય નિગ્રહાત્ ॥**

જે પ્રમાણે પ્રજવલિત ભટ્ઠીમાંથી પસાર થતાં કાચી ધાતુની બધી અશુદ્ધિ જતી રહે છે તે પ્રમાણે પ્રાણાયામ કરવાથી માણસની બધી ઈન્દ્રિયોના અને મનના દોષો બળી જાય છે.

ખનિજ ધાતુઓને શુદ્ધ કરવાનું કામ ખૂબ ચતુરાઈ અને ધીરજ માગે છે. પૃથ્વીના પેટાળમાંથી ખોદી કાઢેલા કોલસામાંથી હીરા શોધી કઢાય છે... એ જ પ્રમાણે ખોદેલી માટીમાંથી કિમતી ધાતુ (અલબત્ત મિશ્રિત સ્વરુપમાં) મળે છે, એ અશુદ્ધ ધાતુને શુદ્ધ કરવાને માટે રાસાયણિક પ્રક્રિયા કરવામાં આવે છે એને ધગધગતી આગમાંથી પસાર કરવામાં આવે છે એ અગ્નિ પરીક્ષામાંથી પસાર થયા પછી જ એ શુદ્ધ ધાતુ ગણાય છે.

### સુવિચાર

- અભિમાની સાધુ કરતાં પશ્ચાતાપ કરીને પ્રભુની ક્ષમાયાચના કરતો પાપી સારો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અભ્યાસ વિનાની નવરાશ એ એક પ્રકારનું મૃત્યુ છે - **ઝેન કથન**
- વેરનો આનંદ બહુ બહુ તો ચાર દિવસ ટકે છે, પણ કામા આપનારની કિર્તી ચિરંજીવી - **જીવનસૂત્ર**
- કદી ન કરવા જેવી બાબતો આચરવી અને આચરવા જેવી બાબતો કદી ન કરવી એ વિનાશ નોતરવા સમાન છે - **ચાણક્ય**
- ધનના મદમાં મસ્ત હોય એવો માણસ પછડાટ વગર હોશમાં આવતો નથી - **ભર્તૃહરિ**
- ફુંકાતા પવનો વચ્ચે પર્વત ધીરજ ધરીને ઊભો રહે છે... જો પર્વત પણ વૃક્ષની જેમ આંધીની વિચલિત થઈ જાય તો એ બંનેમાં ફેર શો ? - **જનકલ્યાણ**
- ધૃણા રાક્ષસોની સંપત્તિ છે, ક્ષમા મનુષ્યનું ચિહ્ન છે અને પ્રેમ દેવતાઓનો સ્વભાવ છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : સરસીયાના તેલ સાથે મીઠું મેળવીને દાંતે ઘસવાથી પાયોરિયા મટે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કહ્યું છે કે, 'અધિકારીઓની આગળ અને ગધેડાની પાછળ ન ચાલવું' એ ગમે ત્યારે - ગમે તેને જવાબદારી સોંપી દે. પ્રધાનશ્રી સાથે પીએ/સ્ટાફને પણ જવું ગમે નહીં - અનિચ્છાએ જતા હોય છે.

એકવાર રાજાએ મુલ્લાં નસરૂદીનને પોતાની સાથે શિકારમાં ચાલવા કહ્યું, મિયાંએ એક-બે બહાનાં બતાવ્યાં પણ કંઈ ચાલ્યું નહીં. બીબીને વાત કરીને પગ પછાડતા શિકારે ગયા..

સાંજે પાછાં આવ્યા. બીબીએ પૂછ્યું શિકારનો અનુભવ કેવો રહ્યા? મિયાં - બહુ સરસ. બીબી કહે, કેટલાં પ્રાણી માર્યા?

મિયાં કહે - એકેય નહીં.
બીબી - તો તમે કેટલાની પાછળ દોડ્યા?
મીયાં કહે - એકેય નહીં.
બીબીએ કંટાળીને પૂછ્યું - ન શિકાર કર્યો - ન કોઈ પ્રયત્ન તો પછી દિવસ સારો કેમ કહેવાય ?
મિયાં - શિકારમાં વાઘ-ચિત્તા-સિંહ સામા ન મળ્યા એ શું સારો દિવસ ન કહેવાય?!

# મર્યાદા પુરુષોત્તમ રામ : સર્વકાલીન રોલ મોડલ

રામનવમીના જ પાવન દિવસે ભગવાન સ્વામિનારાયણનું પણ પ્રાગટ્યપર્વ ઊજવાય છે. ભારતીય સંસ્કૃતિના આત્મા જેવા ભગવાન રામચંદ્ર યુગોથી ઉચ્ચતર જીવન મૂલ્યોના આદર્શ 'રોલ મોડલ' તરીકે પ્રેરણા આપતા રહ્યા છે. રામ વિશે મહાકવિ વાલ્મિકીથી લઈ સંત તુલસીદાસ અને હિંદીના પ્રતિષ્ઠિત કવિઓ મૈથિલીશરણ ગુપ્ત તથા સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' એ ઉત્કૃષ્ટ કૃતિઓ આપી છે. મૈથિલીશરણ ગુપ્ત કહે છે -

**રામ તુમ્હારા જીવન સ્વયં હી કાવ્ય હૈ,**
**કોઈ કવિ બન જાય સહજ સંભાવ્ય હૈ.**

જેમનું ચરિત્ર વિશ્વના પ્રથમ મહાકાવ્યમાં કંડારાયું છે તેવા દશરથનંદન રામ આદિઅનાદિથી જીવ માત્રના હૃદયમાં વસે છે. એથી સ્તો રાષ્ટ્રપિત મહાત્મા ગાંધી 'રઘુપતિ રાઘવ રાજા રામ' વાળી ધૂન ગવડાવતા હોવા છતાં કહેતા કે મારો રામ તે પેલા અયોધ્યાના રાજા દશરથનો પુત્ર નહીં પણ જીવ માત્રમાં શિવ સ્વરુપે ઘટ ઘટમાં વસનારો અને શ્વાસે શ્વાસે ધબકતો રામ છે તુલસીદાસે રામને દેવાધિદેવ મહાદેવના પણ આરાધ્ય ગણાવ્યા છે. રામચરિત માનસની કથા ત્રણ સ્તરે ચાલે છે : શિવ પાર્વતીને કથા સંભળાવે છે, યાજ્ઞવલ્ક્ય ભરદ્વાજ મુનિને અને કાક ભુશુંડી પક્ષીરાજ ગરુડને રામકથાનું અમૃતપાન કરાવે છે. ત્રેતાયુગમાં પ્રગટેલી વિશ્વવિભૂતિ હજારો વર્ષો પછી આજે એકવીસમી સદીમાં પણ કેટલા પ્રાસંગિક છે તે સંત શિરોમણિ મોરારિ બાપુ જેવા દંતકથારુપ કથાકારની કથામાં ઊમટતી મેદની પરથી

## તંત્રીસ્થાનેથી...

કલ્પી શકાશે. રામનું જીવન એ ત્યાગ, તપસ્યા અને સમર્પણની ભવ્ય ગાથા છે. પોતે અયોધ્યાની રાજગાદીના સર્વમાન્ય હકદાર હોવા છતાં પિતાની આજ્ઞા પાળવા ચૌદ વર્ષનો કઠોર વનવાસ સ્વીકારે છે, જયાં અનેક રાક્ષસો સાથે સંઘર્ષ કરી તેઓ ઋષિમુનિઓને ભયમુક્ત કરે છે. દરમિયાન પતિવ્રતા વિશ્વમાતા સીતાનું હરણ થતાં એમને સુવર્ણનગરી લંકાના અધિપતિ રાવણ સાથે યુદ્ધ કરવું પડે છે. આ યુદધ તેઓ રીંછ અને વાનરોની સેનાની મદદથી જીતી બતાવી છેવાડાના માણસોની વિજયગાથાનો પુરસ્કાર કરે છે. નિષાદરાજને સહોદર જેટલું સન્માન આપનારા રામ શબરીનાં એંઠાં બોર આરોગી ભદ્રલોકને છેવાડે ધકેલી દેવાયેલ સર્વહારા પ્રત્યે સમભાવ રાખવાનો સંદેશ આપે છે. રામ ાદર્શની પરાકાષ્ઠા પ્રજાધર્મના પાલનમાં દૃષ્ટિગોચર થાય છે. ધોબી જેવા સાધારણ માનવીના મોઢે સાંભળેલ લોકાપવાદતી પતિવ્રતા પત્નીનો ત્યાગ એ રામના જીવનની કરુણતમ દુર્ઘટના છે. રામરાજયનો આદર્શ એ વિશ્વ સમક્ષ ભારતીય સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ પ્રદાન છે. મહાત્મા ગાંધીએ રાજરાજય સાથે જ ગ્રામસ્વરાજનો આદર્શ રજૂ કર્યો હતો અને છેક બાળવયે રંભા દાસી પાસેથી મળેલા રામનામ સાથે જ દેહ છોડ્યો હતો. રામ એ ઉત્તમ મહામાનવ છે - સર્વોત્તમ લોકનાયક અને શ્રેષ્ઠત્તમ રાજા છે. પુત્ર, ભાઈ, સ્વામી અને છેલ્લે લવકુશના પિતા તરીકે રામ લોકોત્તર પુરુષ છે. એમણે સુવર્ણનગરી લંકા જીત્યા પછી પણ જનની અને જન્મભૂમિને જ સ્વર્ગથી અદકેરાં ગણી જે મહાન આદર્શ પ્રસ્થાપિત કર્યો છે, તે આપણને યુગો સુધી પ્રેરણાનાં અમી પિવડાવતો રહેશે.

# એચ. પાયલોરી શું છે?




## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

રમેશભાઈને પેટમાં ખૂબ દુખતું હતું. પેટ પકડીને બેસી રહેતા. ભગવાનને યાદ કરતા. આંખમાંથી પાણી પડવા માંડતું. જમવાની ઈચ્છા ન થતી. ઘણાબધા ડોક્ટરને બતાવ્યું. લોહી અને ઝાડાના ટેસ્ટ પણ બહુ કરાવ્યા. દવા લે એટલે થોડું સારુ લાગતું હતું. પછી ફરી પાછું દુખાવો ચાલુ થઈ જતો. ઘણાબધા ડોક્ટરને બતાવ્યું. ઘણા વૈદ્યોની દવા લીધી. હોમયોપેથી દવા પણ લીધી. છતા પણ સારુ થતું નહિ.

મધુબેનને જયારે ભૂખ લાગે અથવા તો જમવાનો સમય થાય કા'તો જયારે જયારે હોઝરી ખાલી હોય ત્યારે ત્યારે પેટમા ખુબ દુખતું. જમ્યા પછી પેટમા દુખાવાનું બંધ થઈ જતું.


પ્રવીણભાઈને કાયમ ઉપકા આવતા. પેટમા દુખતું. એમને પણ બધી પ્રકારની દવાઓ કરવી છતાં પણ ઉપકા ઓછા ના થતા. કઈ સમજણ નહોતી પડતી. ઘણીવખત કમળાને લગતા લોહીના બધા ટેસ્ટ કરાવી લીધા તો પણ પ્રવીણભાઈને સારુ નહોતું થતું. જીંદગી ખરાબ થયી ગયી હતી. પ્રવીનભાઈને આત્મહત્યા કરવાના વિચાર પણ આવી ગયા હતા.



ભગવાનને અને માતાજીની બાધા રાખતા અને ના મટતા ગાળો આપતા.

સતીશભાઈનો ખોરાક રોજ રોજ ઓછો થતો જતો. ધીમેધીમે ભૂખ લાગવાની બંધ થયી ગઈ. બધું કરી ચુક્યા છતાંપણ કોઈ ફરક પડ્યો નહિ.

શકરીબેનને એવી તકલીફ હતી કે પેટના આંતરડા ફૂલી જતા અને એકદમ પેટ ભારે લાગતું. અને ખાવાની ઈચ્છા નહોતી થતી અને ઊલટી જેવું થતું.



જયેશભાઈને બધો ખોરાક બરાબર હતો. કોઈ તકલીફ નહોતી. ડાયાબીટીસ નો ટેસ્ટ, થાયરોઈડ નો ટેસ્ટ અને ટી.બી. નો ટેસ્ટ કરાવી લીધા. એ ભધાં નોર્મલ હતા. છતાં પણ જયેશભાઈનું વજન કોઈપણ કારણ વગર ઓછુ થતું હતું. જયેશભાઈ મેડીકલ સાયન્સ પર, ડોકટરો ઉપર ખુબ ગુસ્સે હતા.

શાંતિલાલને એવી તકલીફ હતી કે જેમાં એમનો ઝાડો કાળો આવતો હતો. લેબોરેટરીમા ટેસ્ટ કરાવતા ત્યારે OCCULD BLOOD એટલે કે ઝાડામા લોહી OCCULD BLOOD સ્વરૂપે દેખાતું.

મનીષાબહેન ને શરીર પર કાળા ચાઠા પડી ગયા હતા. હવે આમાં શું કારણ હશે ?

નીલમબહેન ને તો કથ્થાઈ રંગની ઉલટી થતી હતી. લોકો એને લોહીની ઉલટી કહેતા .

આ બધાનું કારણ શું છે. વાર્તાઓ તો લાંબીલાંબી કરી પણ કારણ શું?

તો ભાઈ કારણ છે એચ. પયલોરી (H. PYLORI) ઈન્ફેક્સન. એચ. પાયલોરી શું છે? એચ. પયલોરી એ એક Helicobecter Pylori નામના બેકટેરિયા છે. જેના લીધે ઉપરના બધાજ માણસો હેરાન થાય છે. એચ. પયલોરી નો ચેપ કેવી રીતે લાગે? તો બાથરૂમમાં ગયા પછી હાથ ના ધોતા હોય. જમતા પહેલા હાથ ના ધોતા હોય. એક માણસ જેને એચ. પયલોરીનું ઈન્ફેકશન હોય તે બીજા માણસને હોઠ ઉપર ચુંબન કરવાથી આ બેકટેરિયા ફેલાય છે. બહારનું ખાવાનું ખાવાથી અથવા ગંદી રીતે જમવાનું બનાવેલું હોય એ લેવાથી આ બેકટેરિયાનો ફેલાવો થાય છે. સામાન્ય રીતે એચ. પાયલોરી બાળપણથીજ શરીરમાં પડેલા હોય છે. અને અમુક સમયે તેનો ગ્રોથ વધે છે. એચ. પાયલોરીનું નિદાન કેવી રીતે થાય? લોહીમાં અને ઝાડામાં એચ. પાયલોરીના એન્ટીબોડી હોય છે. એચ. પાયલોરી એન્ટીબોડીનો H.Pylori IgG નામનો લોહી ટેસ્ટ કરાવાથી ખબર પડે છે. એવીજ રીતે ઝાડા માંથી પણ H.Pylori ખબર પડે છે. Breath ટેસ્ટ થી પણ H.Pylori જાણી શકાય છે. એન્ડોસ્કોપ્યી થી પણ H.Pyloriની જાણકારી મળી શકે છે. આંતરિક લોહી વહી જવાના કારણે દદીમાં લોહીના ટકા ઓછા થયી જાય છે. અને ઘણી વખત ચાંદા પણ પડે છે. નિદાન થયી ગયા પછી ૭ થી ૧૪ દિવસ H.Pylori ની દવા કરવાથી સહેલાઈ થી આ રોગ મટી શકે છે. દારૂ અને ધુમ્રપાન

અનુસંધાન પાના નં. ૭ પર

# 'નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી' આ કોની કાવ્ય પંક્તિ છે?



## ખજાનો

અનિલ પટેલ

### ગુજરાતી સાહિત્ય

(૧) અમૃતલાલ બાલજીભાઈ ભટ્ટ કયા નામે જાણીતા હતા?
(અ) ઘાયલ (બ) આદિલ
(ક) ઈર્શાદ (ડ) અઝીઝ

(૨) ચં.ચી. મહેતાને કયા પુસ્તક માટે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો?
(અ) જનમટીપ (બ) આગગાડી
(ક) લક્ષ્મી (ડ) ભવોભવ

(૩) 'જગતના સૌ ઝેરોમાં સૌથી કાતિલ વેરનું...' આ કોની કાવ્ય પંક્તિ છે?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) કવિ બોટાદકરની
(ક) દયારામની (ડ) બાલમુકુંદ દવેની

(૪) જાપાની લેખક તેત્સુગો કુરોયા નગીની 'ત્તોત્તો ચાન'નો ગુજરાતીમાં અનુવાદ કરનાર અનુવાદકનું નામ શું છે?
(અ) રમણ સોની (બ) હરીન્દ્ર દવે
(ક) જયોતિષ જાની (ડ) પ્રફુલ્લ ન.દવે

(૫) નડિયાદમાં 'ડાહીલક્ષ્મી લાઈબ્રેરી'ની સ્થાપના કોણે કરી હતી?
(અ) ગોવર્ધનરામ ત્રિપાઠીએ (બ) મનસુખરામ સૂર્યરાય ત્રિપાઠીએ
(ક) રાજેન્દ્ર શાહે (ડ) ડોંગરેજી મહારાજે

(૬) 'નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી' આ કોની કાવ્ય પંક્તિ છે?
(અ) બરકત વિરાણી 'બેફામ'ની (બ) અમૃત 'ઘાયલ'ની
(ક) ચિનુ મોદી (ડ) અરદેશર - ખબરદારની

(૭) ચુનીલાલ આશારામ ભગત કયા નામે જાણીતા હતા?
(અ) પૂજ્ય દાદા (બ) પૂજ્ય મોટા
(ક) દાદા ભગવાન (ડ) પૂજ્ય વડિલ

(૮) 'આત્મ નિમજ્જન'એ કોનો કાવ્ય સંગ્રહ છે?
(અ) બાલાશંકર કંથારિયા (બ) રાજીવ પટેલ
(ક) સુરેશ જોષી (ડ) મણીલાલ દ્વિવેદી

(૯) નીચેનામાંથી કોનો સમાવેશ મસ્તરંગના કવિઓમાં થતો નથી?
(અ) બાલાશંકર કંથારિયા (બ) મણીલાલ દ્વિવેદી
(ક) કલાપી (ડ) નરસિંહરાવ દિવેટિયા

(૧૦) 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' આ પ્રસિદ્ધ ગીત કોનું છે?
(અ) રાજીવ પટેલનું (બ) રામનારાયણ પાઠક
(ક) રાજેન્દ્ર શાહ (ડ) ચૂનીલાલ મડિયા

(૧૧) 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના કોણે કરી હતી?
(અ) ઈશ્વરલાલ નાયક (બ) ભટ્ટનાયકે
(ક) બાપુલાલ નાયકે (ડ) જયશંકર સુંદરીએ

(૧૨) સંસ્કૃત નાટક 'પ્રબોધ ચંદ્રોદય'નો ગુજરાતી ભાષામાં અનુવાદ કોણે કર્યો છે?
(અ) ભટ્ટ નાયકે (બ) આચાર્ય વલ્લભજી હરિદત્તે
(ક) ન્હાનાલાલે (ડ) ગંગાદાસ પ્રાગજી મહેતાએ

(૧૩) સોનેટ મૂળ કઈ ભાષાનો કાવ્યપ્રકાર છે?
(અ) ઈટાલીયન ભાષા (બ) અરબી ભાષા
(ક) જર્મન ભાષઆ (ડ) જાપાનીઝ ભાષા

(૧૪) 'આયુષ્યના અવશેષો' કોનો સોનેટ સંગ્રહ છે?
(અ) બાલમુકુંદ દવેનો (બ) રાજેન્દ્ર શાહનો
(ક) ઈન્દુલાલ ગાંધીનો (ડ) ચીનુ મોદીનો

(૧૫) ઈંગ્લેન્ડ જનારા સૌ પ્રથમ ગુજરાતી સાહિત્યકારનું નામ શું છે?
(અ) ગોવર્ધનરામ ત્રિપાઠી (બ) મહિપતરામ રૂપરામ નીલકંઠ
(ક) ચંદ્રવદન ચિ. મહેતા (ડ) ઈન્દુલાલ ગાંધી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૫ એપ્રિલ ૧૮૯૬ — નિકાલો નિકોલેવીચ સેમીનોવ : રશિયન ભૌતિક રસાયણશાસ્ત્રી, 'કેમિકલ રીએકશન મિકેનીઝમ' શોધ બદલ, ૧૯૫૬માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૧૫ એપ્રિલ ૧૮૮૫ — ઈ-લીયોન રડાફે : અમરીકન ભૌતિક વિજ્ઞાની, હાઈ ફિકવન્સી ઓસીલેશન માટે 'ચાફે-ગેપ' મેથર્ડ આપનાર
- ૧૬ એપ્રિલ ૧૮૬૭ — વિલ્બર રાઈટ : અમેરીકન સંશોધક, પ્રથમ 'પાવર્ડ પ્લેન' બનાવનાર અને ઉડાવનાર
- ૧૬ એપ્રિલ ૧૮૫૦ — સિડની ગિલચિસ્ટ થોમસ : બ્રિટીશ મટીરીયોલોજીસ્ટ. સ્ટીલની બનાવટમાં ફોસ્ફરસની ઉપયોગીતા ચકાસનાર
- ૧૭ એપ્રિલ ૧૮૭૪ — ક્લિયરન્સ હંગફોર્ડ મીકે : અમેરીકન કોમ્યુનીકેશન એક્ઝ્યુકટીવ ન્યૂયોર્ક અને ક્યુબા વચ્ચે ટેલિફોનિક લાઈન નાખવાનું કામ કરનાર
- ૧૭ એપ્રિલ ૧૮૬૬ — અર્નેસ્ટ હેનરી સ્ટલીંગ : ઈંગ્લીશ ફિઝીયોલોજીસ્ટ, હોર્મોન્સ અને ચેતાતંત્રનું શરીર નિયંત્રણ કઈ રીતે થાય છે તે સંશધન કરનાર
- ૧૮ એપ્રિલ ૧૯૦૫ — જયોર્જ બર્બટ હિટસીંગ : અમેરીકન ફાર્માકોલોજીસ્ટ, કેટલાંક રોગોની દવાઓ બનાવવા બદલ ૧૯૮૮માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૧૮ એપ્રિલ ૧૮૭૨ — બેમાર્ડ ઓગીલ્વ ડોગ્સ : અમેરીકન વનસ્પતિશાસ્ત્રી, ફુગ ઉપર ખાસ સંશોધન કરનાર
- ૧૯ એપ્રિલ ૧૮૭૨ — ઓલે એવીનરૂડ : નોર્વેના વૈજ્ઞાનિક અને સંશોધક બોટમાં લગાડવાનું ખાસ મરીન એન્જીન બનાવનાર
- ૧૯ એપ્રિલ ૧૮૫૭ — લૂસીન લેવીન બ્રુહલ : ફ્રેન્ચ ફિલોસોફર અને સાયકોલોજીસ્ટ 'ઈરેશનલ ફેકટર અને શોશિયલ થોટ્સ' પર સંશોધન કરનાર
- ૨૦ એપ્રિલ૧૯૧૪ — રોબર્ટ ગેલામ્બોસ : અમેરીકન ફિઝીયોલોજીસ્ટ, વિમાનમાં બેઠેલા પેસેન્જરને શારીરિક, માનસિક સ્વસ્થતા મળે તે માટે સંસોધન કરનાર
- ૨૦ એપ્રિલ ૧૯૧૩ — વિલ્લી હેનીંગ : જર્મન જુઓલોજીસ્ટ, 'કલેડીસ્ટીક' નામની જુઓલોજીમાં ગ્રીક બ્રાન્ચ શરુ કરનાર
- ૨૧ એપ્રિલ ૧૯૦૯ — અમેરીકન સાયકોલોજીસ્ટ, એમરીકન અને યુરોપીયન હ્યુમેનીઝમ (માનવતાવાદ) પર સંસોધન કરનાર
- ૨૧ એપ્રિલ ૧૮૮૯ — પૌલ કરર : સ્વીઝ કેમીસ્ટ, કેરોટેનોઈડઝની શોધ કરનાર, વિટામીન-એ અને બી-૨ પર સંશોધન બદલ ૧૯૩૭માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : જમ્મુ-કાશ્મીરના ગર્વનર તરીકે હાલ કોણ સેવા આપી રહ્યા છે?**
**જવાબ : નરેન્દ્રનાથ વોરા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

**(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કોલેજ**

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કેરલના કયા મંદિરમાં તાજેતરમાં આતશબાજીમાં ૧૦૦ કરતાં વધુ લોકોના મોત થયા હતા ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# ॥ પ્રગટ ભયે કિરપાલા ॥



૯૬ માઈલ લાંબી અને ૨૪ માઈલ પહોળી નગરી અયોધ્યા સંસ્કાર અને વૈભવમાં સ્વર્ગને ઝાંખી પાડે તેવી હતી. ખરા અર્થમાં અયોધઅયા હતી - કોઈ તેની સાથે યુદ્ધ કરી ન શકે. પોતાના રાજા ચક્રવર્તી સમ્રાટ દશરથ તરફ એને ભક્તિભાવ હતો.

રાજા દશરથ સર્વ પ્રકારે સુખી હતા. પરંતુ પોતે અપુત્ર હતા એ ચિંતા એને સતાવતી હતી. એને આ માટે અશ્વમેજ્ઞ યજ્ઞ કરવાનો વિચાર આવ્યો. મંત્રીશ્વર સુમંત્ર અને કુલગુરુ વસિષ્ઠની સંમતિ માગી. મંત્રીઓ અને પુરોહિતો સંમત થયા. વસિષ્ઠે સલાહ આપી કે આપણે આ યજ્ઞ ઋષ્યશૃંગ પાસે કરાવીએ.

આ તેજસ્વી ઋષિકુમાર અંગદેશના રાજા રોમપાદના જમાઈ હતાં. સૌંદર્યવતી શાન્તાના પતિ હતા. બંનેને નવજાત શિશુ હતું. રોમપાદ દશરથના બાળફણના મિત્ર હતા. ખરેખર તો શાન્તા એની દીકરી હતી. પણ રોમપાદને કોઈ સંતાન ન હતું, તેથી દશરથે એને દત્તક તરીકે આપી દીધી હતી.



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

કુલગુરુ વસિષ્ઠની સલાહ સ્વીકારીને દશરથ પોતાના પરિવાર સાથે અંગદેશ આવ્યા. રોમપાદે સૌનું ઉમળકાફેર આતિથ્ય કર્યું. દશરથે પોતાના આ મિત્રવર્યને પોતાની સમસ્યા કહી અને વસિષ્ઠે બતાવેલો ઉપાય કહ્યો. રોમપાદે ઋષ્યશૃંગને બોલાવ્યા અને કહ્યું, 'આ રાજર્ષિ દશરથ મારા પરમ મિત્ર છે. તમે શાન્તા એન પુત્ર સાથે એની સાથે જાવ. ખરેખર તો તમારા સસરા આ જ છે.' ઋષ્યશૃંગ રાજીખુશીથી શાન્તા અને પુત્રને લઈને દશરથ સાથે અયોધ્યા જવા નીકળી પડ્યા. અયોધ્યામાં હવે આનંગમંગળ છવાઈ ગયો. નગરજનો પ્રસન્ન થયા હતા.

વૈદિક વિધિઓમાં નિષ્ણાત ઋષ્યશૃંગે વસિષ્ઠ વગેરેની સહાયમાં અશ્વમેધ યજ્ઞ તો સંપન્ન કરાવી આપ્યો; પરંતુ પછી દશરથને સૂચન કર્યું કે આ તો સારું જ થયું. પણ તમે હવે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવો. દશરથે આ સૂચનને આદેશ માનીને વધાવી લીધું. હવે સરયૂ નદીને કિનારે વિશાળ મેદાનમાં ઋષ્યશૃંગની અધ્યક્ષતામાં પુત્રેષ્ઠિયજ્ઞનો ભવ્યતાપૂર્વક આરંભ થયો. હવે દશરથનો સંકલ્પ ફળીભૂત થવાનો હતો.

એ વખતે લંકાપતિ રાવણનો દેવોને અસહ્ય ત્રાસ હતો. એણે બ્રહ્મા પાસેથી વરદાન મેળવી લીધું હતું કે કોઈ એને મારી ન શકે - દેવ, રાક્ષસ, કિન્નર, ગંધર્વ. કોઈ એને કશું કરી શકે તેમ ન હતું. પરંતુ આ યાદીમાં એણે મનુષ્યને ન મૂક્યો હતો. એ 'માણસ'ને તુચ્છ સમજતો હતો. એટલે ભગવાન વિષ્ણુએ નિર્ણય કર્યો કે આ દશરથ પુત્રેષ્ટિયજ્ઞ કરે છે એને ત્યાં એ મનુષ્ય તરીકે અવતરે. ચાર પુત્રોમાં ચાર અંશથી વહેંચાઈને જન્મ લે અને પછી રાવણને મારશે.

યજ્ઞ પૂરો થયો એટલે યજ્ઞકુંડમાંથી યજ્ઞનારાયણ પ્રગટ્યા. એના હાથમાં ખીરથી ભરેલો સુવર્ણકળશ હતો. દશરથને યજ્ઞપુરુષે કહ્યું 'હું વિષ્ણુનો દૂત છું, આ કળશમાં પ્રસાદ છે. એ તમારી રાણીઓ ભક્તિપૂર્વક આરોગે.' દિવ્ય પુરુષ તો અંતર્ધાન થઈ ગયા. રાજાએ ત્રણેય રાણીઓને પ્રસાર વહેંચી આપ્યો. રાણીઓને બાર માસની સગર્ભાવસ્થા પૂરી થઈ. એટલે એમને પુત્રપ્રાપ્તિ થઈ. પછી ના અગિયાર દિવસે દશરથે કુલગુરુ પાસે નામ કરણ સંસ્કાર કરાવ્યો. કુમારોનો જન્મક્રમ આ પ્રમાણે હતો :

| જન્મનો ક્રમ | ચૈત્ર સુદ | નક્ષત્ર | માતા | પુત્ર | વિષ્ણુનો અંશ |
|---|---|---|---|---|---|
| ૧ | નોમ | પુનર્વસુ | કૌશલ્યા | રામ | ૧/૨ |
| ૨ | દશમ | પુષ્ય | કૈકેયી | ભરત | ૧/૪ |
| ૩ જોડિયા | અગિયારસ | આશ્લેષા | સુમિત્રા | લક્ષ્મણ | ૧/૪ |
| ૪ પુત્રો | અગિયારસ | આશ્લેષા | સુમિત્રા | શત્રુઘ્ન | ૧/૪ |

શ્રી રામના જન્મ સમયે નક્ષત્ર પુનર્વસુ હતું, બીજા યોગ પણ શુભોત્તમ હતા. સૂર્ય, મંગળ, શનિ,ગુરુ તથા ચંદ્ર કર્ક રાશિમાં હતા.

તા.૧૨મી એપ્રિલે રામનવમી છે, રામ પ્રાગટ્ય દિન છે; ત્યારે તે દિવસે શુભ નક્ષત્ર પુષ્ય છે અને ચંદ્ર કર્ક રાશિમાં છે.

આ દિવસે - ॥ પ્રગટ ભયે કિરપાલા ॥ કૃપાળુ પ્રગટ થયા !